ગાંધીનગર સમાચાર

**વિકાસ યોજના- જી.ડી.સી.આર. મંજુર ન થતા નગરના બિલ્ડરો આગ બબુલા**

# જિલ્લામાં ૨૦૧૪-૧૫માં ૨૨૫ ઈન્દિરા આવાસો બંધાયા

## ૧૦૨ ઈન્દિરા આવાસ મહિલાઓના નામે; તે પાછળ રૂ. ૬૮.૪૭ લાખનો ખર્ચ થયો છે : બે વર્ષમાં જિલ્લામાં ટોટલ સેનીટેશન પાછળ ૧૧૭૦ લાખ ખર્ચાયા

**વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે આજે વિધાનસભા ગૃહમાં જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૨૦૧૪-૧૫માં બંધાયેલા આવાસો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય પંચાયત મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૨૫ આવાસ બાંધવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો હતો.

તે પૈકી તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૨૨૫ આવાસોના બાંધકામની વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે. રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આ પૈકી ૧૦૨ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

ધારાસભ્ય શ્રી અશોક પટેલના પૂરક પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં ૩૦ આવાસો મહિલાઓને નામે, માણસામાં ૧૦ આવાસો, કલોલમાં ૧૦ આવાસો અને દહેગામમાં ૫૨ આવાસોને મહિલાઓના નામે મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે મહિલાઓને નામે ૧૦૨ આવાસ આપવામાં આવ્યા અને તે પાછળ રૂ. ૬૮ લાખ ૪૭ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ભાજપના જ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં એસ.સી.ના ૨૫, લઘુમતિના ૬ અને અન્યને ૨૫ એટલે કે ગાંધીનગરમાં ૫૬ મકાન ફાળવવામાં આવ્યા છે.

માણસા તાલુકાની અંદર ૨૫ એસ.સી. અને લઘુમતિને ૬ તેમજ અન્યને ૨૫, કલોલમાં પણ આ પ્રમાણે ૫૬ અને દહેગામની અંદર ૨૫ એસ.સી., ૭ લઘુમતિ અને ૨૫ અન્ય એટલે કે ૫૭ મકાન ફાળવવામાં આવ્યા છે. ૨૨૫માંથી ૧૦૦ મકાન એસ.સી.ને ફાળવવામાં આવ્યા છે.

ભાજપના શ્રી નારણભાઈ પટેલે આ અંગે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ઈન્દિરા આવાસ યોજના હેઠળ જે આવાસ ફાળવવામાં આવે છે તે ૦ થી ૧૬નો આંક ધરાવતા હતા તે લાભાર્થી હતા. ત્યાર પછી રાજ્ય સરકારે ૨૦૧૩માં ૧૭થી ૨૦નો આંક ધરાવતા ગરીબોને પણ ઈન્દિરા આવાસમાં જોડતાં ૦ થી ૨૦ આંકમાં આવતા ગરીબ પરિવારોને આ મકાન ફાળવવામાં આવે છે. જે ઘર વિહોણા હોય તેવા લોકોને આ મકાન આપવામાં આવે છે. આ યોજનામાં તેની માલિકીનો પ્લોટ હોવો જરૂરી છે. નિયમ મુજબ મહિલાઓને અગ્રતા આપવામાં આવે છે.

કોંગીના બળદેવજી ઠાકોરે ગરીબ લાભાર્થીઓને આ મકાન માટે અપાતી રકમમાં વધારો કરવાની માંગણી કરી હતી.

મંત્રીશ્રી કવાડિયાએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં જ્યારે આ યોજના ચાલુ હતી ત્યારે ૬ હજારની સહાયથી યોજના શરૂ થઈ હતી. આજે આ યોજનામાં ૭૦ હજાર રૂ. યોજનાના લાભાર્થીને આપવામાં આવે છે. ૨૦૧૩-૧૪માં આ વધારો કરવામાં આવ્યો છે. ૨૨૫ મકાનો પૂર્ણ થઈ ગયા છે અને હપ્તાની રકમો પણ બધા જ લાભાર્થીને ચુકવી દેવામાં આવી છે.

કોંગીના જ તેજશ્રીબેન પટેલે પૂછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે લાભાર્થી નક્કી થાય ત્યારે જ પ્રથમ હપ્તાની રકમ ચુકવી દેવામાં આવે છે. બીજા હપ્તા માટે તેના નિયમો છે કે પ્લીન્થ લેવલે પહોંચે ત્યારે બીજા હપ્તાની રકમ ફાળવવામાં આવે છે. આ બીજા હપ્તાની રકમ ચુકવતાં પહેલાં શૌચાલયની સુવિધા ફરજીયાત કરવામાં આવી છે. આ બધી તપાસને અંતે રકમ ચુકવી દેવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



નેતા-અભિનેતા સાથ સાથ - બહુચર્ચિત 'નિરજા' ફિલ્મને કરમુક્તિ અપાવવાની માંગ સાથે જાણીતા અભિનેતા અનીલ કપુર ગાંધીનગરમાં મુખ્યમંત્રી આનંદીબેનની મુલાકાતે પહોંચ્યા હતા... અનીલ કપુરે નિરજા ફિલ્મની કેટલીક વિશેષતાઓ વિશે મુખ્યમંત્રી સાથે મુક્તમને ચર્ચાઓ કરી હતી... આનંદીબેને પણ હકારાત્મક પ્રતિભાવ સાથે અનીલ કપુર અને સાથી કલાકારોને સાંભળ્યા હતા...

# ગુડાના સ્થાપના દિવસે ૬૮ કરોડના વિકાસ કામોનુ લોકાર્પણ

## રાયસણમાં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તેમજ આંગણવાડીનુ મકાન અને દુકાનોનુ લોકાર્પણ કરાશે : શુભ-લાભ આવાસ યોજનાના ૬૪૦ લાભાર્થીઓને મકાનની ચાવી સોંપવામાં આવશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી ૧૨ માર્ચના રોજ ગુડાના સ્થાપના દિનની ઉજવણી અન્વયે રૂપિયા ૬૮ કરોડાના વિકાસ કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. જેમાં રાયસણ ખાતે ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનુ લોકાર્પણ કરવામાં આવશે. નવી ગટર વ્યવસ્થા ઉભી કરવાની કામગીરીના અંતે ગુડાના ધોળાકુવા,રાંદેસણ,રાયસણ, તેમજ કોબા વિસ્તારમાં ગટરની પાઈપલાઈન નાંખવામાં આવશે. આ ઉપરાંત સ્થાપના દિવસે શુભ લાભ યોજનાના બાકીના ૬૪૦ લાભાર્થીઓને મકાનોનો કબજો સોંપવામાં આવશે.

ગુડાના સ્થાપના દિવસ નિમિત્તે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રાયસણમાં ડ્રેનેજના પમ્પીંગ સ્ટેશનનુ લોકાર્પણ કરવામાં આવશે. ગુડાના ચેરમેન આશિષ દવેએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી તા ૧૨ માર્ચના રોજ ગુડાના સ્થાપના દિવસની ઉજવણી અન્વયે રૂપિયા ૬૮ કરોડથી વધુ રકમના કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. જેમાં રાયસણમાં ૩૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનો પણ સમાવેશ થાય છે. ગુડાના કોબા રાયસણ રાંદેસણ, ધોળાકુવા સહીતના ગામોમાં ડ્રેનેજ સુવિધા પુરી પાડવા ગુડા દ્વારા ૧૨ હજાર મીટરની પાઈપલાઈનનુ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત રૂ ૬ લાખના ખર્ચે રાયસણમાં નિર્માણ કરાયેલા આંગણવાડીના મકાનનુ પણ લોકાર્પણ કરાશે. રાયસણમાં ગુડા દ્વારા નવનિર્મિત

● અનુસંધાન પાન-૭ પર

# પ્રભુએ પાટનગરને નારાજ કર્યું...!!!

## રેલવે બજેટ... કેપિટલ સ્ટેશનનું દસાડાના દફતરમાંથી નામ નિકળી ગયુ : રેલવે બજેટમાં ગાંધીનગર સ્ટેશનને એકપણ નવી ટ્રેઈન કે સુવિધા મળી નથી

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરને રેલવે બજેટમાં ઠેંગો દેખાડી ફરિએકવાર અન્યાય કરવામાં આવ્યો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આજે રજુ થયેલા રેલવે બજેટમાં કેપિટલ સ્ટેશનને કોઈ નવી ટ્રેઈન કે સુવિધાઓ પુરી પાડવા માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. જો કે રેલવે બજેટ સમગ્ર ગુજરાત માટે



નિરાશાજનક હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. અલબત્ત બજેટમાં ગુજરાત કે કેપીટલના પોકેટમાં કાંઈ આવ્યુ નથી.

રાજયના પાટનગરમાં સ્થિત રેલવે સ્ટેશનના વિકાસ માટે સતત ઉપેક્ષા કરવામાં આવી રહી હોવાનુ સ્પષ્ટ થતા નાગરિકોમાં ઘોર નિરાશા વ્યાપી છે. લાલકૃષ્ણ અડવાણી જેવા દિગ્ગજ નેતાઓ સતત છેલ્લા અઢી દાયકાથી ગાંધીનગરનુ પ્રતિનિધિત્વ કરતા હોવાછતા રેલવે મંત્રાલયની મીટ ક્યારેય કેપિટલ સ્ટશન તરફ મંડરાઈ નથી. છેલ્લા બે વર્ષથી રેલવે બજેટના અંતે કેપિટલ સ્ટેશનના પોકેટમાં કોઈ ટ્રેન કે વધારાની કોઈ વિકાસલક્ષી જોગવાઈ આવતી ન હોવાથી મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ આખરે ભુંસાઈ ગયો છે.આજે રજુ થયેલા રેલવે બજેટમાં ગાંધીનગરને કોઈ નવી ટ્રેઈન મળશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ દરવર્ષની જેમ આ આશ ઠગારી સાબીત થતા નગરજનો તેમજ નગરની શુભચિંતક સંસ્થાઓમાં રોષની લાગણી વ્યાપી છે. નગરના રેલવેના વિકાસની વાતને લઈને સતત ચિંતા સેવતા અગ્રણી અરૂણ બુચના જણાંવ્યા મુજબ રેલવે બજેટની દ્રષ્ટીએ કેપિટલ સ્ટેશનની હાલત દસાડાના દફતરમાંથી નામ નિકળી ગયુ હોય તેવી થઈ છે. હાલમાં રેલવે સ્ટેશન પર રોજની ચાર ટ્રેઈનની અવરજવર રહે છે. જયારે મુસાફરોને લગતી સુવિધાઓ અપગ્રેડ થઈ શકી નથી પરંતુ સ્ટેશન તરફ જવાનો રસ્તો અને લાઈટની પ્રાથમિક સુવિધા પણ છીનવાઈ ગઈ છે. ત્યારે કેપિટલ સ્ટેશનની હાલત છેવાડાના ગામડાના રેલવે સ્ટેશનથી પણ બદતર થઈ છે.

# આજે પંચાયતની ૪ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે વધુ ચાર સમિતિઓના ચેરમેનોની નિયુક્તી કરવા માટે ૧૧ થી ૧૨.૩૦ ની વચ્ચે ચાર સમિતિઓની પ્રથમ બેઠક મળશે.

સવારે ૧૧ વાગે અપીલ સમિતિની પ્રથમ બેઠક મળશે આ પછી ૨૦ મુદા અમલીકરણ સમિતિની બેઠક ૧૧.૩૦ વાગે, ૧૨ વાગે ઉત્પાદન અને સહકાર સમિતિ તેમજ ૧૨.૩૦ વાગે મહિલા બાળકલ્યાણ વિકાસ સમિતિની પ્રથમ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે.

અપીલ સમિતિમાં ચેરમેન તરીકે સામાન્યતઃ પંચાયત પ્રમુખ હોદ્દાની રૂએ થતા હોય છે આ વખતે આ સમિતિના ચેરમેન કોણ બનશે તેને લઈ રાજકીય અટકળો ચાલી રહી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી વેળાએ તમામ સમિતિઓ બળવાખોર જૂથને આપવાના લેવાયેલા નિર્ણયને પગલે હવે અપીલ સમિતિના ચેરમેનને લઈ સસ્પેન્શ ઉભો થવા પામ્યો છે જેને રાજકીય ગરમાવો ઉભો કરી દીધો છે.

જિલ્લા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિની અગાઉ ચૂંટણી થઈ ચુકી છે. આ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી અંગે પણ કાલે પ્રદેશ સમિતિમાંથી મેન્ડેટ સાથે નિરીક્ષક આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની બાકી રહેતી ત્રણ સમિતિઓની રચના કરી દેવાઈ છે પણ તેની પ્રથમ બેઠક આગામી સપ્તાહના આરંભે મળશે અને તેમાં તેના ચેરમેનોની નિયુક્તી કરાશે.



નેશનલ મેડીકો ઓર્ગેનાઈઝેશન દ્વારા ગાંધીનગર મેડીકલ કોલેજમાં ઝિકા વાઈરસ અંગે એક લેકચર યોજવામાં આવ્યુ હતુ. આ દરમિયાન ડો કમલેશ ઉપાધ્યાયે નગરના તબીબી આલમને જાણકારી પુરી પાડી હતી. સિવિલ સુપ્રિટેન્ડેન્ટ બિપિન નાયક, મેડીકલ કોલેજના ડીન ડો. અરૂણ વ્યાસ, ડો. પ્રદીપ ભાવસાર સહીત ૨૦૦ જેટલા ડોકટરોએ હાજરી આપી હતી. (તસવીર : દિપક જાની)

# વિકાસ યોજના- જી.ડી.સી.આર. મંજુર ન થતા નગરના બિલ્ડરો આગ બબુલા

## ગાંધીનગર વિકાસ યોજના ૨૦૨૪ અને જી.ડી.સી.આર.નો મામલો અધ્ધરતાલ બિલ્ડરો આંદોલનની રાહે લડત આપવાના મુડમાં

ગાંધીનગર તા ૨૫

જી ડી સી આર તેમજ વિકાસ યોજના ૨૦૨૪ સંદર્ભે લાંબા સમયથી કોઈ નિર્ણય ન લેવાતા નગરના બિલ્ડરોના કરોડાના પ્રોજેક્ટ અટવાયેલા હોવાથી બિલ્ડર લોબીએ મોટો આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. આ મામલે સરકાર દ્વારા ઝડપથી કોઈ નિર્ણય નહીં લેવામાં આવે તો બિલ્ડરો આંદોલનની રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના પ્રમુખ સુરેશ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર નગરના બિલ્ડરો દ્વારા મુખ્યમંત્રીને ગત મહીના દરમિયાન રજુઆત કરવામાં આવી હતી. જેમાં શહેરના બિલ્ડીંગ બાયલોઝ તેમજ ગુડાનો ગાંધીનગર વિસ્તારના ડેવલપમેન્ટ પ્લાન ૨૦૨૪ અંગે રજુઆત કરવામાં આવી હતી. જયારે આ તબક્કે મુખ્યમંત્રી કક્ષાએથી સંબંધિત વિભાગોને જરૂરી સુચનાઓ પણ આપવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના પરિણામે ગુડા વિસ્તાર સાથે સંકળાયેલા ખેડુતો બિલ્ડરો તેમજ રોકાણકારો મુશ્કેલીનો સામનો કરી રહયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ફરતી લાયબ્રેરીના નિયમો મંજૂર કરાયા

## ચૂંટણીમાં થનાર ખરેખર ખર્ચ મંજૂર કરવાની સત્તા કમિશ્નરને સોંપતી સ્થાયી સમિતિ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ફરતી લાયબ્રેરી અંગેના નિયમોની કમિશ્નરની દરખાસ્તને સુધારા સાથે આજે સ્થાયી સમિતિએ મંજૂર કરી છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં વાર્ષિક રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦ કરવા, સભ્ય ડિપોઝીટ ફીનું ધોરણ રૂ. ૨૫૦ રાખવા તેમજ મુખ્ય ગ્રંથાલય સે. ૧૭ના નિયમો અને મનપાના નિયમો વચ્ચે વિસંગતતા ઉપસ્થિત ન થાય તેની પૂરતી દક્ષતા રાખવા સાથે કમિશ્નરની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

આજની આ બેઠકમાં મનપાની ચૂંટણી માટે કરાયેલી જોગવાઈને આધીન મનપાની ચૂંટણીમાં થનાર ખરેખર ખર્ચને મંજૂર કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરને સોંપવામાં આવી છે. મનપાની ચૂંટણી માટે બજેટમાં રૂ. ૧.૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે તે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

# રણાસણની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના રણાસણ ગામેથી આજે ૩૫ વર્ષીય મહિલાને સ્વાઈન-ફલુ પોઝીટવ જણાતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ દર્દી સાથે કુલ આંક ૧૨ પર પહોંચ્યો છે. જેમાં ૬ મહિલા દર્દી છે અને પાંચ પુરૂષ દર્દી છે જ્યારે ૧ નવજાત શિશુનો સમાવેશ થાય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૧૨ કેસમાંથી પાંચ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. જ્યારે ૬ દર્દી હજુ સારવાર હેઠળ જુદી જુદી હોસ્પિટલોમાં છે. એક દર્દીનું મૃત્યુ નીપજ્યું છે.

આજે મળેલ મહિલા દર્દીને ડાયાબીટીસ હોવાનું પણ તબીબી તપાસમાં ખુલ્યુ હોવાનું જાણવા મળેલ છે. જો કે દર્દીની હાલત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મહિલા દર્દીના નિવાસસ્થાનની આસપાસના ઘરોમાં તંત્ર દ્વારા સર્વેલન્સ કરવામાં આવ્યુ હતુ પરંતુ કોઈ નવો શંકાસ્પદ તાવનો કે ફલુનો કેસ મળ્યો નથી.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com